**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૪/૮/૨૦૧૫ મંગળવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**<u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૫૬૭/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૨૮૪ લીટર દેશી દારૂ, ૧૨ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૨૫,૨૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૫૬૮/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>અપહરણ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૫૬૯/૧૫</u>**

**નારણપુરા :** હરજીભાઇ લાલજીભાઇ ઉમટ (રહે,ગાંધીનગરનો ટેકરો, ભાલુભાઇની ચાલી, જુનાવાડજ) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩/૮/૧૫ સવારનાં ૧૧/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી અજાણી વ્યક્તિ પોતાની પુત્રી શીતલ (ઉ.વ.૧૭) ને લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.આર.ભીલ ચલાવે છે.

**વસ્ત્રાપુર :** રાજુભાઈ હુકાભાઈ નિનામા (રહે. લક્ષ્મણનગરનો ટેકરો, ઠાકોરવાસ, સત્તાધાર, ઘાટલોડીયા) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧/૮/૧૫ સવારનાં ૧૧/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીક રહેતો આરોપી શૈલેષ ઠાકોર(જેના પુરા નામની ખબર નથી) ઘર નજીકથી રાજુભાઇની પુત્રી શિલ્પા (ઉ.વ.૧૬) ને લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.જે.ગઢવી ચલાવે છે.

**<u>છેતરપીંડીની ફરીયાદ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૫૭૦/૧૫</u>**

**કાલુપુર :** વિનીતભાઇ અશોકકુમાર અગ્રવાલ (રહે,રૉયલ ઓર્ચીડ, કોર્પોરેટ રોડ, પ્રહલાદનગર, સેટેલાઇટ) એ તા.૩/૮/૧૫ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે માહે જાન્યુઆરી -૨૦૧૫ થી માર્ચ-૨૦૧૫ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) મુકેશ દુકીલાલ સિંગલ અને (૨) અંકીત દુકીલાલ સિંગલ (બંને રહે. અયોધ્યાગંજ, માઇવેતીયન, ગૌતમબુધ્ધનગર, દાદરી, યુ.પી.) કાલુપુર સાંકરબજાર, રંગવાલા માર્કેટની સામે, વિનીતભાઇ એન્ટરપ્રાઇઝ નામની પેઢીમાંથી રૂપિયા ૨૪,૪૩,૭૫૯/- મતાનો કાપડનો માલ ખરીદી, તે પેટેનાં નાણાં નહીં ચુકવી, વિનીતભાઇને જાનથી મારી નાંખવાની ધમકી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.બી.જાડેજા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

<u>**ઘરફોડ :-**</u> <u>**સમાચાર યાદી નં.૧૫૭૧/૧૫**</u>

**કાગડાપીઠ :** ચિંતનભાઇ મેહુલભાઇ મહેતા (રહે,હાટકેશ સોસાયટી, દર્પણ છ રસ્તાની બાજુમાં, નવરંગપુરા) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧/૮/૧૫ સાંજનાં ૭/30 થી તા.3/૮/૧૫ સવારનાં ૮/00 વાગ્યા દરમ્યાન સારંગપુર લોખંડ બજાર પ્રિમીયર મીલ્સ સ્ટોર કંપનીનું શટર વાળી દઇ, અજાણી વ્યક્તિ સ્ટ્રોરમાં પ્રવેશ કરી, લેપટોપ, એલ.ઇ.ડી.ટી.વી. અને રોકડ રૂપિયા 3,૪૯,૬00/- મળી કુલ રૂપિયા 3,૬૧,૬00/- મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જી.એમ.મકવાણા ચલાવે છે.

**વસ્ત્રાપુર :** અશેષભાઈ કુષ્ણકાંતભાઈ પટેલ (રહે.છઠ્ઠો માળ, પ્રેમજયોત ટાવર, પુર્વી ટાવર પાસે, મેમનગર)એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨/૮/૧૫ સાંજનાં ૭/30 થી રાતનાં ૧0/30 વાગ્યા દરમ્યાન પોતાના ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, સોનાના દાગીના કિંમત રૂપિયા ૧,૮૭,000/- મતાનાં ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.જે.ગઢવી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)